ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૯ ટકા

# નગરની સિંગલ હેન્ડેડ પોસ્ટ ઓફિસ હાલ બંધ

## નગરમાં કોરોનાના વધતા જતા કેસને કારણે સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો છે

ગાંધીનગર,૨૩

કોરોનાની મહામારી ને કારણે નગર ની વ્યવસ્થા માં ઘણો બધો બદલાવ આવી ગયો છે. દિવસેને દિવસે વધતા જતા કેસને કારણે ઘણા ધંધા રોજગાર પણ હાલ બંધ કરવાની નોબત આવી છે. ત્યારે હવે સરકાર પણ કોરોનાને ભગાવવાની સાથે જ કોરોના ના સંક્રમણ થી નગરજનો ને બચાવવા માટે પગલા લઈ રહી છે ત્યારે સરકાર દ્વારા નગરની હેડ પોસ્ટ ઓફિસ સિવાય તમામ સિંગલ હેન્ડેડ પોસ્ટ ઓફિસને હાલ પૂરતી બંધ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. કોરોના ના વધતા જતા કેસને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે.તેમ સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.આ નિર્ણય ગુજરાતના તમામ મહાનગરો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ ,સુરત અને વડોદરાની પોસ્ટ ઓફિસ માટે લેવામાં આવ્યા છે. નગર માં તમામ સેક્ટર માં આવેલી સિંગલ હેન્ડેડ પોસ્ટ ઓફિસ ને આ નિયમ લાગુ પડે છે.જોકે સે ૧૧ અને ૧૬ ની મુખ્ય પોસ્ટ ઓફિસ માં આ નિયમ લાગુ પડતો નથી. અહીં થતી તમામ કામગીરી માં કોઈ પણ પ્રકાર ના ફેરફાર કરવામાં આવ્યા નથી.પોસ્ટ ઓફિસ માં કામ કરતા કર્મચારી નું કહેવું છે કે,સિંગલ હેડ પોસ્ટ ઓફિસ હાલ થોડા દિવસ માટે બંધ કરવાના સરકારના સૂચન બાદ અહીં કામ કરતાં તમામ કર્મચારીઓને લાગુ પડતા જે તે શહેરની રીઝનલ, ડિવિઝનલ અને હેડ ઓફિસ એમ અલગ જગ્યાએ હાલ અટેચ કરવામાં આવ્યા છે.

# પૂજ્ય ગુરુમાના ઓનલાઇન સત્સંગનો ગુરુવારથી આરંભ



## ગુરુથી રવિ, સવારે ૭.૩૦થી સમદર્શન આશ્રમની યુટ્યૂબ ચેનલ પરથી જીવંત પ્રસારણ કરાશે

કોરોના સંક્રમણના આ વિકટ સમયમાં વ્યક્તિ- વ્યક્તિ વચ્ચે અચૂક અંતર જાળવવાનું છે પણ ઈશ્વરની વધુ સમીપ રહેવાનું છે. ભીતરના ભયને ભગાડવા ભક્તિનો ભેટો અનિવાર્ય છે એવા સમયે સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના ઑનલાઇન સત્સંગનો ગુરુવારથી પ્રારંભ થઇ રહ્યો છે. ગુરૂવારથી રવિવાર, સપ્તાહમાં ચાર દિવસ, દરરોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમિયાન સમદર્શન આશ્રમની યુ ટ્યૂબ ચેનલના માધ્યમથી સત્સંગનું જીવંત પ્રસારણ કરાશે.

પૂજ્ય ગુરુમા ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં છેલ્લા ૨૨ વર્ષથી સત્સંગ કરાવી રહ્યા છે. કોરોનાને કારણે લૉકડાઉન આવતા સત્સંગ વર્ગો પણ બંધ થયા હતા. કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને હજુ પણ જાહેર સત્સંગ શરૂ થઈ શકે એવી સ્થિતિ નથી તેવા આ કપરા કાળમાં ઈશ્વરશરણ અને આત્મિક શાંતિ માટે પૂજ્ય ગુરુમા ઓનલાઇન સત્સંગનો આરંભ કરી રહ્યા છે.

તા. ૨૫મી જૂનથી ગુરુવારથી રવિવાર, અઠવાડિયામાં ચાર દિવસ ગીતાજીના ૧૦મા અધ્યાય-વિભૂતિ યોગ પર પૂજ્ય ગુરુમાના પ્રવચનો યોજાશે. લાઈફલાઈન જેવા ઑનલાઇન સત્સંગનો લાભ લેવા સમદર્શન આશ્રમ તરફથી નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હાસ્ય કલાકારનું ફેસબુક આઈડી હેક કરી હેકર્સે નાણાં પડાવવા કોશિષ કરી

ગાંધીનગર, તા. ૨૩

માત્ર ગાંધીનગરના જ નહિ પરંતુ હવે તો રાજ્યભરના અને મુંબઈ ઉપરાંત વિદેશમાં વસતા નાગરિકોને પણ ખડખડાટ હસાવી ચુકેલા પાટનગરના યુવા હાસ્ય કલાકાર માટે હાલ એવી સ્થિતિ પેદા થઈ છે કે તેના પર હસવું કે રડવું તે તેમને સમજાતુ નથી. હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાનું ફેસબુક આઈડી કોઈએ હેક કર્યુ છે અને તે વ્યક્તિ હવે કલાકારના મિત્રોને મેસેજ કરી પૈસાની ઉઘરાણી કરી રહી છે.




**આમાં હસવુ કે રડવું ?**


ગાંધીનગરના યુવા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા જેઓ ગુજરાતના હાસ્ય સમ્રાટ શાહબુદીન રાઠોડ સાથે પણ સ્ટેજ શેર કરી ચુક્યાં છે તેઓ અત્યારે એક વિચિત્ર સ્થિતિનો સામનો કરી રહ્યાં છે. હરપાલસિંહ ઝાલાએ હાસ્ય કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી તે પહેલા તેઓએ ફેસબુક પર ''હરપાલ ઝાલા''ના નામથી પોતાનુ એકાઉન્ટ બનાવ્યુ. હતુ. જેમાં તેમના અંગત મિત્રોને તેમણે સામેલ કર્યા હતા. જોકે સમયાંતરે વ્યસ્તતાને કારણે આ એકાઉન્ટનો વપરાશ ઘટી જતાં લાંબા ગાળે તેઓ તેનો પાસવર્ડ પણ ભુલી ગયાં હતા. આ પછી હાસ્ય કલાકાર તરીકે તેમની નામના થતાં તેમણે નવેસરથી નવુ એકાઉન્ટ બનાવી તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યુ હતુ. તાજેતરમાં કેટલાક મિત્રોનો તેમના પર ફોન આવ્યો કે તમારે પૈસાની જરૂર પડી છે ? ત્યારે હરપાલસિંહને આશ્ચર્ય થયુ અને તપાસ કરતા માલુમ પડ્યું કે તેમના ફેસબુક આઈડીથી તેમના મિત્રોને ''દોસ્તની દિકરી બિમાર છે તેનુ ઓપરેશન કરવા પૈસાની જરૂર છે'' જેવા બહાના હેઠળ કોઈ વ્યક્તિ નાણાંની માંગણી કરતા મેસેજ કરી રહી છે. જો કે આ વ્યક્તિ હિન્દીમાં વાત કરતો હોવાથી હરપાલસિંહ તથા તેમના મિત્રોને સમજાઈ ગયું હતું કે આ કોઈ લેભાગુએ તેમનુ જુનુ બંધ પડેલુ ફેસબુક એકાઉન્ટ હેક કરી તેનો લાભ ઉઠાવવા કોશિષ કરી છે. આ ઘટના અંગે હાસ્યકલાકાર હરપાલસિંહ ઝાલાએ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી આપી પોલીસનું ધ્યાન દોર્યુ છે.

# સેક્ટર-૩બીના શોપીંગ સેન્ટરમાં આગળના ભાગે વેપારીઓનું દબાણ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ઘણા સમયથી વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણની સમસ્યા વકરી રહી છે. થોડા સમય પૂર્વે તંત્ર દ્વારા આ બાબતે કડક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ દરવખતની જેમ થોડા સમય પછી આ કાર્યવાહી અટકી જવા પામી છે. જેના કારણે જે દબાણો હટાવવાન રહી ગયા હતા તે હજુ પણ યાથવત છે. જ્યારે કેટલાક વિસ્તારમાં નવા દબાણો પણ વિકસવા લાગ્યા છે. શહેરના સેક્ટર-૩બીના શોપીંગ સેન્ટરમાં વેપારીઓ દ્વારા દુકાનની આગળ શેડ તો બનાવી લેવાયા છે પરંતુ તે સાથે દુકાનના કાઉન્ટર સહિત સામાન પણ બહારના આરક્ષિત વિસ્તાર પર એવી રીતે મુકવામાં આવે છે જેના કારણે ગ્રાહકો કે અન્ય રાહદારીઓનું ચાલવું પણ શક્ય બની શકતું નથી.




નગરના સે. ૧ સ્થિત સ્માર્ટ કિડ્સ ખાતે બાળકો હાલ ઓનલાઈન ક્લાસીસ કરી રહ્યા છે. ત્યારે તેઓ શાળામાં ભણતા હોય તેવી જ રીતે દરરોજ ક્લાસિસ શરૂ થાય તે પહેલાં પ્રાર્થના અને કસરત કરીને દિવસની શરૂઆત કરે છે. શાળા દ્વારા પણ બાળકોને મોરલ એજ્યુકેશન સાથે દરરોજ સૂર્ય નમસ્કાર અને મેડિટેશન કરવાની સલાહ આપવામાં આવે છે. દરરોજ સ્ક્રીન સામે બેસવાથી તેમની આંખોને નુકસાન ન પહોંચે તે માટે પણ તેમને શાળાના શિક્ષકો દ્વારા સન બાથ લેવાની સલાહ સાથે વિવિધ રીતે ગાઈડન્સ આપવામાં આવે છે.

# ઘ-૦ પાસેથી ઈનોવા કારમાંથી વિદેશી દારુની ૩૯ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૩

શહેરના ઘ-૦ પાસેથી ઈનોવા કારમાંથી વિદેશી દારુની ૩૯ બોટલ સાથે બે યુવકો પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે દારુ, ગાડી, મોબાઈલ મળી કુલ રૂ. ૨,૮૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે યુવકો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી પીઆઈ એસ.જે.રાજપૂતના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલીંગમા હતી તે સમયે દારુની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ઘ-૦ પેટ્રોલપંપ પાસેથી જી.જે.-૦૨.એ.પી.-૪૨૮૭ નંબરની ઈનોવા ગાડી પકડી પાડી હતી. પોલીસે ગાડીમાં બેઠેલા શખ્સોના નામ પુછતા તેઓએ સેકટર-૨ એ ખાતે રહેતો મુકેશ રૂપલાલ અહારી (ઉં.૨૫) તેમજ સેકટર-૨ સી ખાતે રહેતો મનોજ ધનજી ભાઈ રાઠોડ (ઉં.૨૫)હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૩૯ બોટલ મળી આવી હતી. જેને અનુલક્ષી પોલીસે રૂ. ૧૯,૫૦૦ નો ૩૯ બોટલ દારુ, બે મોબાઈલ અને કાર સહિત કુલ રૂ.૨,૮૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે યુવકો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



કોરોના ના લીધે હાલ શહેર ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે ત્યારે હવે કોરોના સિવાય પણ અનેક રોગો ફેલાય શકે તેવી શક્યતાઓ વધી જતી દેખાઈ રહી છે. વાવોલ નાના ફાટકથી લઈને વાવોલ ગામમાં જવા સુધીનો રસ્તો કચરાથી ખદબદે છે. આને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતો જઈ રહ્યો છે સાથે રોગચાળો ફેલાવવાની શક્યતા વર્તાઈ રહી છે સાથે ત્યાંથી આવવા જવામાં પડતી મુશ્કેલી અને એકસીડન્ટની શક્યતા વધતી જતી જણાઈ રહી છે. આ ઉપરાંત અહીં ટ્રાફિક ની સમસ્યા સાથે અહી કચરો આરોગવા આવેલી ગાયોનો ત્રાસ વધતો જઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે , આ તમામ કચરો વાવોલની જ સોસાયટીમાંથી ઘરે ઘરે કચરો લઈ જનાર દ્વારા અહીં ઠાલવવામાં આવી રહ્યો છે. દિવસે ને દિવસે આ કચરાને લીધે ત્યાંથી પસાર થનારને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાનું જલ્દીથી નિવારણ આવે તેમ વાવોલના રહીશોની માંગ છે.

# આશ્કા હોસ્પિટલ પાસે કાર ચાલકે રીક્ષાને ટક્કર મારતા મુસાફરોને ઈજા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલી આશ્કા હોસ્પિટલના વળાંક પાસે બપોરના બે વાગ્યાના અરસામાં આઈટેન કાર ચાલકે રીક્ષાને પાછળના ભાગે ટક્કર મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેને પગલે રીક્ષામાં બેઠેલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જયારે રીક્ષાનો ખુડદો બોલાઈ ગયો હતો. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો અને વાહન ચાલકો ઉભા રહી ગયા હતા અને ઈજાગ્રસ્ત મુસાફરોને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયારે કાર ચાલક અકસ્માત કરીને નાસી છુટ્યો હતો. જેથી રીક્ષા ચાલકે ઈન્ફોસીટી ખાતે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને પકડી પાડવા માટે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ હસમુખ જયંતિજી જાદવ જેઠીપુરા ગામે રહે છે અને રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. મંગળવારના રોજ સવારે તેઓ રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.-૩૫૬૫ લઈને ઉવારસદ ખાતે સંબંધી ગુજરી ગયા હોવાથી પરિવારના સભ્યોને લઈ બેસણામાં આવવા માટે નીકળ્યા હતા. બેસણા બાદ પરત ઘરે જવા માટે નીકળ્યા હતા. બપોરના સમયે સરગાસણ ચોકડીથી આગળ આશ્કા હોસ્પિટલ પાસે વળાંકમાં રીક્ષાને પાછળથી આઈટેન કાર નં. જી.જે.૦૯.બી.એફ.-૬૨૨૬ ના ચાલકે ટક્કર મારી હતી. કારની જોરદાર ટક્કરથી રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. રીક્ષામાં બેઠેલા સભ્યોમાંથી કેટલાકને હાથે પગે ફ્રેકચર, બેઠો માર, છોલાઈ ગયા, અને મોં પર ઈજા પહોંચી હતી. બનાવને પગલે ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જયારે રીક્ષાને મોટી માત્રમાં નુકશાન થયું હતું પરંતુ અકસ્માતમાં રીક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે રીક્ષા ચાલકે ઈન્ફોસીટી ખાતે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રથયાત્રાના પવિત્ર પર્વે હેપ્પી યુથ ક્લબનું સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વૃક્ષારોપણ

## કોલેજ કેમ્પસમાં ૪૦થી વધુ ઔષધીય વૃક્ષોના રોપાઓનું વાવેતર કરાયુંઃ એનેનેસ યુનિટે રોપાઓના ઉછેરની જવાબદારી સ્વીકારી




ગાંધીનગર, તા. ૨૩

આજે અષાઢી બીજના દિવસે રથયાત્રાના પવિત્ર તહેવાર નિમિત્તે ગાંધીનગરમાં પર્યાવરણ તેમજ સામાજિક સેવાકાર્યો સાથે જોડાયેલી સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા સરકારી વિજ્ઞાન કોલેજના એનએનએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે ''છોડ એ જ રણછોડ'' શીર્ષક અંતર્ગત વૃક્ષરોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડના પ્રોજેક્ટ ઓફિસર અને ''વન-વગડો'' ગૃપથી જાણીતા શ્રી કનુભાઈ યોગીએ યુવાનોને વૃક્ષો સાથે મિત્રતા બાંધવા આહ્વાન કર્યું હતું.

ગાંધીનગરમાં આમ તો છેલ્લા ત્રણ વર્ષથી રથયાત્રા નિમિત્તે હેપ્પી યુથ ક્લબ દ્વારા સેક્ટર-૧૬માં રથયાત્રાનું ગાંઠિયાના પ્રસાદ સાથે સ્વાગત કરવામાં આવતું હતું અને રથયાત્રા પસાર થઈ જાય તે પછી તે સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી સફાઈ કરવામાં આવતી હતી. આ વર્ષે કોરોના કોવિદ-૧૯ મહામારીના પગલે જ્યારે રથયાત્રાને શહેરમાં પરિભ્રમણ કરવાનું મોકૂફ રાખવામા આવ્યું છે ત્યારે હેપ્પી યુથ ક્લબ દ્વારા સરકારી વિજ્ઞાન કોલેજના એનએનએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે ''છોડ એ જ રણછોડ'' નામનો વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં કોલેજનાં કા. આચાર્ય ડો. ડી. એ. ઓડેદરા, કોલેજના અધ્યાપકગણ, કોલેજના એનએનએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો.ઉમેશ તરપદા, એનએનએસ યુનિટના સ્વયંસેવકો, હેપ્પી યુથ ક્લબના સભ્યો વગેરએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યુ હતું. આ વૃક્ષારોપણમાં ૫૦ થી વધારે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું જેમાં બહેડા, આમળાં, અરડૂસી, નગોડ, જાસૂદ જેવા ઔષધિય રોપાઓનો સમાવેશ થાય છે. આ રોપાઓનું જતન કરવાની જવાબદારી કોલેજના એનએનએસ યુનિટના સ્વંય સેવકોએ સ્વીકારી છે. હેપ્પી યુથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી ઉપરાંત વિશાલ થોરાત, શિવાંગ પટેલ, વિશાખા રાજપૂત, નેહા રાજપૂત, જયશ્રી પંડ્યા, જીજ્ઞા વાઘેલા અને ઋષિકા ચક્રવર્તી વગેરે જોડાયા હતા. વૃક્ષારોપણ દરમિયાન ફરજિયાત માસ્ક અને સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.

# ગુજરાત સાયન્સ સિટી દ્વારા રોબોટિક્સ પર ઈ-વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સાયન્સ સિટી દ્વારા સમર સાયન્સ ઈ-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષયના નિષ્ણાંત કડી સર્વવિધ્યાલય પ્રોફેસર ના ડો.નિર્મેશ પટેલે રોબોટ્સના વિવિધ પ્રકારો વિશે માહિતી આપી હતી. તેમણે ભાગ લેનારાઓને ઈલેક્ટ્રોનિક્સની પાયાના ખ્યાલો જેવા કે વોલ્ટેજ, કરંટ, મોટર અને સેન્સર વિશે માહિતગાર કર્યા હતા જે રોબોટ બનાવવામાં મહત્વપૂર્ણ હોય છે. સત્ર આગળ વધતા ડો. પટેલે આર્ડિનો ઉનો વિશે વાત કરી, માઈક્રોકન્ટ્રોલર્સ જે એમ્બેડ કરેલી સિસ્ટમમાં મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે અને ઉપકરણોને આપણી જરૂરિયાત મુજબ કાર્ય કરાવે છે. ડો.પટેલે મોબાઈલ કન્ટ્રોલ કાર અને સ્માર્ટ ફોન કન્ટ્રોલ્ડ્ આર્ડિનો રોબોટ કાર ઘરે બેઠા કેવી રીતે બનાવવી તે બતાવ્યું હતું.

# ચ-૬ પાસેથી વૃધ્ધાના દાગીના લુંટી લેનાર એક આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં ચ-૬ પાસેથી ભરબપોરે વૃધ્ધાના સોના-ચાંદીના દાગીના લુંટી લેનાર ટોળકીના એક સભ્યને સેકટર-૨૧ પોલીસે દબોચી લીધો છે. કોલવડા ગામના ૬૦ વર્ષિય વૃધ્ધાને રીક્ષામાં બેસાડીને ત્રણ શખ્સોએ વૃધ્ધાએ પહેરેલા સોનાના કાપ અને કડલા લુંટી લીધા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઈ એ.જે.શાહે તપાસ શરુ કરી હતી. તેમણે ટીમ સાથે મળીને સીસીટીવીના ફુટેજ મેળવી લુંટમાં ઉપયોગમાં લેવાયેલી રીક્ષાનો નંબર મેળવી લીધો હતો. જેને પગલે પોલીસે નરોડા ના રીક્ષા ચાલક દિલિપ જીવાભાઈ બાવરી (કબીરનગર)ને પકડી પાડ્યો હતો.

આરોપી પાસેથી પોલીસે સોનાના કાંપ રીકવર કર્યા છે. પોલીસે આરોપીની સઘન પુછતાછ શરુ કરી લુંટમાં સામેલ અન્ય બે આરોપીઓને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.

# કોબા માર્ગ પર ઈકો કાર સળગી ઉઠી

ગાંધીનગર-કોબા માર્ગ પર રાજધાની હોટલ પાસે સાંજના સુમારે અચાનક એમ્બ્યુલન્સ ઈકો કાર નં. જી.જે.૧૮.એ.એકસ-૯૭૩૫ માં અચાનક આગ લાગી ગઈ હતી. આગ અંગે ફાયર વિભાગને જાણ થતા સ્ટાફના જવાનો ત્તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં કારનો મોટાભાગનો ભાગ બળીને ખાક થઈ ગયો હતો.

## ચિરવિદાય

- સ્વ. ગણપતભાઈ કાન્તીલાલ રાવલ - ઉ.વ.૬૫- સેક્ટર-૪/બી
- સ્વ. સુતરીયા રશ્મિન નરહરિભાઈ - ઉ.વ.૫૮, સેક્ટર-૨૩
- સ્વ. ઠાકોર મોતીબેન અમાજી - ઉ.વ.૯૦, મુ.ઈટલા, તા. કલોલ
- સ્વ. જામબેન વાસીભાઈ રબારી - ઉ.વ.૬૫, સેક્ટર-૧૩
- સ્વ. સોની ઉષાબેન પોપટલાલ - ઉ.વ. ૮૧, મુ. મોટાચિલોડા